# દેશની માટી



હે મારા દેશની માટી, તને હું માથું અડકાડું છું.

તારી અંદર વિશ્વમયીનો, તારી અંદર વિશ્વમાતાનો અંચલ પાથરેલો છે.

તું મારા દેહની સાથે એકાકાર થઈ ગઈ છે.

તું મારા પ્રાણમાં અને મનમાં ભળી ગઈ છે.

તારી એ શ્યામવર્ણી કોમળમૂર્તિ મારા હૃદયમાં ગૂંથાઈ ગઈ છે.

તારે ખોળે મારો જન્મ થયો છે, મારું મૃત્યુયે તારી છાતી પર થશે.

દુ:ખમાં ને સુખમાં તારા પર જ મારી રમત થશે.

તેં મારા મુખમાં અન્ન પૂર્યું છે,

તેં શીતલ જળથી મારો કોઠો ઠાર્યો છે,

તું તો બધું સહન કરનારી, બધું વહન કરનારી માતાની માતા છે.

મેં તારું ઘણું ખાધું છે, મેં તારું ઘણું લીધું છે – મા,

તોયે તને મેં કંઈ આપ્યું હોય એવી મને ખબર નથી, મા !

મારો જનમ ગયો નકામા કામોમાં,

મેં ઘરમાં ને ઘરમાં જ દિવસ પૂરો કર્યો -

તેં મને આપેલી શાંતિ વૃથા ગઈ, હે શક્તિદાત્રી !

સાભાર: 'ગીત વિજ્ઞાન' માંથી

( 'બાળ સાહિત્ય' – રવિન્દ્રનાથ ઠાકુર)